| PUBLICATION NAME : | Sunvilla Samachar |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 25/07/2023 |
| PAGE : | 8 |

# ઈન્ડસ્ટ્રી ૪.૦, ઈનોવેશન અને ટ્વેન્ટીફર્સ્ટ સેન્ચ્યુરી સ્કીલ પર Y20 ઈન્ડિયા બ્રેઈનસ્ટોર્મિંગ સેશનનું આયોજન કર્યું



**સનવિલા ન્યુઝ, અમદાવાદ, તા.૨૪**

યુવાનોને જોડવાના અને ભારતની G20 પ્રેસિડેન્સીમાં તેમની સક્રિય ભાગીદારી મેળવવાના પ્રયાસોના ભાગરૂપે, આંત્રપ્રિન્યોરશિપ ડેવલપ મેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ), અમદાવાદે રિસર્ચ એન્ડ ઈન્ફોર્મેશન સિસ્ટમ ફોર ડેવલપિંગ કંટ્રીઝના સહયોગમાં ફ્યુચર ઓફ વર્કઃ ઈન્ડસ્ટ્રી ૪.૦, ઈનોવેશન અને ટ્વેન્ટીફર્સ્ટ સેન્ચ્યુરી સ્કીલ પર રૂ૨૦ ઈન્ડિયા બ્રેઈનસ્ટોર્મિંગ સત્રનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમ યુવાનોને અર્થપૂર્ણ ચર્ચાઓ, જ્ઞાનના આદાન-પ્રદાન અને વિવિધતા તથા સમાવેશ પર હિમાયત માટે એક મંચ આપવા માટે અને તેઓને આ હેતુ પ્રત્યે માહિતગાર બનાવવા તથા અપડેટેડ માહિતી અને જ્ઞાન વડે તેમને સશક્ત કરવા માટે આયોજિત કરવામાં આવ્યો હતો. મુખ્ય મહેમાનપદે ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયર શ્રી હિતેશ મકવાણા, આરઆઈએસના એસોસિયેટ પ્રોફેસર ડો. પંકજ વશિષ્ઠ અને ઈડીઆઈઆઈના ડિરેક્ટર જનરલ ડો. સુનિલ શુક્લાની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમનું ઉદ્ઘાટન થયું હતું. આ કાર્યક્રમનો મુખ્ય એજન્ડા યુવાનોને ભારતમાં કામના ભાવિ માટે ટેક્નોલોજી દ્વારા ઊભા થતા પડકારોથી સંદર્ભે વિવિધ પાસાં પર ચર્ચા કરવા તથા ગંભીર વિચારણા કરવા માટેનું પ્લેટફોર્મ પૂરું પાડવાનો તથા વિકાસ માટે અત્યાધુનિક તકનીકોના સૌથી અસરકારક ઉપયોગ પર વ્યૂહરચના ઘડવાનો હતો. કાર્યક્રમના ભાગરૂપે વિવિધ પેનલ ડિસ્કશન્સનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. પેનલ ડિસ્કશન્સ અને મંથન ઈન્ડસ્ટ્રી ૪.૦ની પૃષ્ઠભૂમિમાં એમએસએમઈના પડકારો અને ઉકેલો પર કેન્દ્રિત હતું.